ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

૬ | ગુરૂવાર ૨૧ મે, ૨૦૨૬ | છોટાઉદેપુર | ડભોઈ | સાવલી | કરજણ | બોડેલી | ક્વાંટ | નસવાડી

દેશમાં પ્રથમ વખત ડિજિટલ પદ્ધતિથી થશે વસ્તી ગણતરી: ટાઉન હોલ ખાતે કાલે ગણતરીદારોની ટ્રેનિંગ

૧ જૂનથી પાદરામાં વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો

વસ્તી ગણતરીમાં ૩૪ પ્રશ્નોની સચોટ માહિતી આપી સહકાર આપવાની અપીલ કરાઇ

(પ્રતિનિધિ) પાદરા, તા.20

પાદરા ખાતે વસ્તી ગણતરી ૨૦૨૭ અંતર્ગત કર્મચારીઓની તાલીમ યોજાશે, ડિજિટલ પદ્ધતિથી પ્રથમ વખત હાથ ધરાશે જનગણના કામગીરી. ભારત સરકાર દ્વારા હાથ ધરાનાર વસ્તી ગણતરી ૨૦૨૭ અંતર્ગત પાદરા શહેર વિસ્તારમાં નિયુક્ત કરવામાં આવેલા કર્મચારીઓની તાલીમ માટેનું આયોજન પાદરા નગરપાલિકા દ્વારા પ્રમુખ સ્વામી મહારાજ ટાઉન હોલ, પાદરા ખાતે કરવામાં આવ્યું છે. આવતીકાલે યોજાનાર આ તાલીમમાં ગણતરીદારો અને સુપરવાઈઝરોને જનગણનાની કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન અનુસાર વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાની કામગીરી તા. ૦૧/૦૬/૨૦૨૬ થી તા. ૩૦/૦૬/૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ઘરયાદી અને મકાનોની ગણતરી કરવામાં આવશે, જેમાં ગણતરીદારો દ્વારા મુખ્યત્વે આવાસની સ્થિતિ, કુટુંબને ઉપલબ્ધ સુવિધાઓ તથા અસ્કયામતો સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવશે. ભારતમાં જનગણનાની શરૂઆત વર્ષ ૧૮૭૨થી થઈ હતી. હાલ થનારી જનગણના દેશની ૧૬મી

તેમજ સ્વતંત્રતા બાદની ૮મી જનગણના રહેશે.

બંધારણમાં દર્શાવેલ મહત્વ અનુસાર વસ્તી ગણતરી દેશની લોકશાહી વ્યવસ્થાનો મહત્વપૂર્ણ પાયો માનવામાં આવે છે. જનગણનાની સમગ્ર કામગીરી દરમિયાન આવાસ, સુવિધાઓ, સંપત્તિ, ધર્મ, જાતિ, ભાષા, સાક્ષરતા અને શિક્ષણ, આર્થિક પ્રવૃત્તિ, સ્થળાંતર તથા પ્રજનન સહિતના વિવિધ મુદ્દાઓ પર સૂક્ષ્મ સ્તરે માહિતી એકત્રિત કરવામાં આવશે. આ માહિતી રાષ્ટ્રના આયોજન અને વિકાસલક્ષી યોજનાઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થવાની છે.

આ વખતેની જનગણનાની સૌથી વિશેષ બાબત એ છે કે ભારતમાં પ્રથમ વખત સંપૂર્ણ ડિજિટલ પદ્ધતિથી વસ્તી ગણતરી હાથ ધરાશે. નિયુક્ત ગણતરીદારો પોતાના સ્માર્ટફોનમાં ઉપલબ્ધ નિર્ધારિત મોબાઈલ એપ્લિકેશન દ્વારા દરેક કુટુંબની માહિતી એકત્રિત કરશે. પાદરા શહેર અને તાલુકાના નાગરિકો માટે સ્વગણતરી (Self Enumeration) ની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. નાગરિકો તા. ૧૭/૦૫/૨૦૨૬ થી તા. ૩૦/૦૫/૨૦૨૬ દરમિયાન વસ્તી ગણતરીના વેબ પોર્ટલ મારફતે પોતાની માહિતી સ્વયં સબમિટ કરી શકશે. જોકે, આ માહિતીની ચોકસાઈ અને પૂર્ણતા સુનિશ્ચિત કરવા માટે ગણતરીદારો અને સુપરવાઈઝરો દ્વારા તેની ચકાસણી કરવામાં આવશે.

પાદરા નગરપાલિકા દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે ગણતરીદારો જ્યારે ઘરે ઘરે માહિતી એકત્રિત કરવા આવે ત્યારે સરકાર દ્વારા નક્કી કરાયેલા આશરે ૩૪ પ્રશ્નોની યોગ્ય અને સચોટ માહિતી પૂરી પાડી સહકાર આપે.

કામચોર કર્મચારીઓ માટે કપરા દિવસોની શરૂઆત!

ડભોઈ નગરપાલિકાના પ્રમુખ પુષ્પાબેન રાવળ પ્રથમ દિવસથી જ એક્શન મોડમાં

વહેલી સવારે સફાઈ કામદારો વચ્ચે પહોંચ્યા પ્રમુખ, સફાઈ અભિયાનથી આપ્યો કડક સંદેશ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.20

નગરપાલિકામાં આઠ વર્ષ બાદ કોંગ્રેસને સત્તા મળ્યા પછી નવી કાર્યશૈલીની શરૂઆત જોવા મળી રહી છે. નગરપાલિકાના પ્રમુખ તરીકે પુષ્પાબેન રાવળની વરણી થયા બાદ તેમણે પ્રથમ દિવસથી જ એક્શન મોડ અપનાવ્યો છે. વહેલી સવારે તેઓ સફાઈ કામદારો વચ્ચે પહોંચી મોહન પાર્ક વિસ્તારમાં ચાલતી સફાઈ

કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. પ્રમુખની મેદાનમાં ઉતરેલી કાર્યશૈલીથી નગરપાલિકામાં નવી ઉર્જાનો સંચાર થયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

તાજેતરમાં નગરપાલિકાના મસ્ટર પરના કેટલાક કર્મચારીઓ એસી રૂમમાં આરામ ફરમાવતા હોવાના ફોટા અને સમાચાર સામે આવ્યા હતા, જેને લઈને લોકોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો. ત્યારે નવી પ્રમુખે પ્રથમ દિવસથી જ કડક વલણ દાખવી વિકાસ અને સફાઈને પ્રાથમિકતા આપવાનો સંદેશ આપ્યો છે. આવનારા સમયમાં ડભોઈના હિતમાં મોટા નિર્ણયો લેવાય તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે. નગરપાલિકામાં કામચોર કર્મચારીઓ માટે હવે કપરા દિવસો આવશે તેવી ચર્ચાઓ પણ જોર પકડી રહી છે.

ડભોઈને સ્વચ્છ, સુંદર અને વિકાસશીલ બનાવવા માટે નગરજનોનો સહકાર પણ એટલો જ જરૂરી હોવાનું મનાઈ રહ્યું છે. લોકોનો સાથ મળશે તો ડભોઈની ચમક વધુ વધશે એ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે.

પાદરા: પ્રેમસંબંધ તોડી નાખતા યુવતી પર લાકડીથી હુમલો

પાદરા : પાદરા ના જુની પાનસરાવાડ વિસ્તારમાં પ્રેમસંબંધના મુદ્દે યુવતી પર હુમલો અને ધમકી આપવાના બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, જુની પાનસરાવાડ ખાતે રહેતી શીતલબેન મિનેશભાઈ સુથારે ફરિયાદ નોંધાવી હતી કે, આરોપી વિવેક અતુલભાઈ પટેલ સાથે અગાઉ પ્રેમસંબંધ હતો. જોકે છેલ્લા ત્રણ મહિનાથી તેઓએ આરોપી સાથે તમામ પ્રકારનો સંપર્ક અને સંબંધ બંધ કરી દીધો હતો. જેના કારણે આરોપી અવારનવાર ફરીયાદીને "મારી સાથે કેમ વાતચીત કરતી નથી" કહી હેરાન કરતો હતો.

શિનોર: વાહન ચેકિંગમાં જ્યુપીટર સ્કૂટર પરથી વિદેશી દારૂ ઝડપાયો

સાધલી રોડ પરથી રૂા. ૧.૧૫ લાખના મુદ્દામાલ સાથે દારૂની હેરાફેરી કરતો યુવક પકડાયો

(પ્રતિનિધિ) શિનોર, તા.20

શિનોર પોલીસ દ્વારા વાહન ચેકિંગ દરમિયાન TVS જ્યુપીટર પરથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો શિનોર તાલુકાના સાધલી થી ઉતરાજ જવાના રોડ ઉપર આવેલ રેલવે ફાટક પાસે શિનોર પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા વાહન ચેકિંગ દરમિયાન વિદેશી દારૂની હેરાફેરી કરતા એક યુવકને ઝડપી પાડવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, શિનોર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા

પોલીસ કોન્સ્ટેબલ નરેશભાઈ, હેડ કોન્સ્ટેબલ સુભાષભાઈ તથા લોકરક્ષક કાદરભાઈ વાહન ચેકિંગમાં હતા. તે દરમિયાન સાધલી ગામ તરફથી TVS જ્યુપીટર મોટર સાઈકલ લઈને આવતાં એક શખ્સને રોકી તેની તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન મોટર સાઈકલની ડીકી તથા પ્લાસ્ટિકના થેલામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના ૪૮ પ્લાસ્ટિક ક્વાર્ટર તેમજ માઉન્ટ 6000, બર્ડવાઈઝર મેગ્નમ અને કિંગફિશર બ્રાન્ડના કુલ ૧૩૨ બિયર ટીન મળી આવ્યા હતા.

બહાદરપુર બજારના દબાણકર્તાઓને નોટિસની ચીમકી

સંખેડા મામલતદારે બે દિવસમાં દબાણો હટાવવા અલ્ટીમેટમ આપ્યું

(પ્રતિનિધિ) સંખેડા, તા.20

સંખેડાના ઈન્ચાર્જ મામલતદાર હિતેન્દ્ર ગોહિલ દ્વારા આજરોજ બહાદરપુર બજારમાં ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવ અંતર્ગત બજારમાં ટ્રાફિકને અડચણરૂપ દબાણો દૂર કરવા માટે વેપારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી. આ ટ્રાફિક ડ્રાઈવ બહાદરપુર બજારના ટાવરથી રેલવે ફાટક સુધીના સમગ્ર વિસ્તારમાં હાથ ધરવામાં આવી હતી.

મામલતદાર હિતેન્દ્ર ગોહિલના નેતૃત્વ હેઠળ આ કાર્યવાહીમાં બહાદરપુર પંચાયતના તલાટી, સેવાસદન સ્ટાફ, તેમજ સંખેડા અને બહાદરપુર પોલીસ સ્ટેશનના

મહિલા અને પુરુષ જવાનો જોડાયા હતા.

મામલતદાર ગોહિલે રૂબરૂ બજારમાં ફરીને દુકાનદારો, લારીવાળા અને પથારાવાળા સહિતના દબાણકર્તાઓને તાત્કાલિક દબાણ દૂર કરવા જણાવ્યું હતું. તેમણે સ્થળ પર જ સ્પષ્ટ સૂચના આપી હતી. આ સૂચનામાં જણાવાયું હતું કે જો આગામી બે દિવસમાં દબાણ દૂર કરવામાં નહીં આવે, તો બહાદરપુરના તલાટી દ્વારા નોટિસ આપીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ ડ્રાઈવના પગલે દબાણકર્તા વેપારીઓમાં અસર જોવા મળી હતી. બીજી તરફ, ગામના લોકોએ ઈન્ચાર્જ મામલતદારની આ કામગીરીને આવકારી હતી. ગ્રામજનોમાં એવી ચર્ચા હતી કે આવા અધિકારીઓ દ્વારા ટ્રાફિક સમસ્યા ઉપરાંત અન્ય સુવિધાઓના વિકાસને પણ વેગ મળી શકે છે.

શિનોર: સાધલી ગામેથી ગૂમ થયેલા રવિન્દ્ર વસાવાનો મૃતદેહ મળ્યો

સાધલીમાં ચકચાર: ચાર દિવસમાં બીજી લાશ મળી

(પ્રતિનિધિ) શિનોર, તા.20

શિનોર તાલુકાના સાધલી ગામે આવેલ ભોમેતરા વગા વિસ્તારમાંથી ગુમ થયેલ રવિન્દ્ર વસાવાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.

શિનોર તાલુકાના સાધલી ગામેથી ચાર દિવસ અગાઉ જ મહુડા વગા વિસ્તારમાંથી ઝાડ સાથે ગળેફાંસો ખાધેલી હાલતમાં અજાણ્યા યુવકનો લટકતો મૃતદેહ મળી આવ્યો હતો. હજુ તે સમાચાર ની શાહી સુકાઈ નથી. તેવામાં સાધલી ગામે ભોમેતરા વગા વિસ્તારમાંથી વધુ એક ગુમ યુવકનો મૃતદેહ

મળી આવ્યો છે. જે અંગેની જાણ શિનોર પોલીસને થતાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. જેમાં મૃતક યુવકની ઓળખ સાધલી ગામે ભીલવાડા વિસ્તારમાં રહેતા રવિન્દ્ર શનાભાઈ વસાવાની હોવાનું સામે આવ્યું હતું. મૃતક રવિન્દ્ર વસાવાના સબંધીઓ ધ્વારા કપડાંના આધારે ઓળખ થઈ હતી. હાલ સમગ્ર મામલે શિનોર પોલીસ ધ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

બોડેલીના જબુગામ ખાતે આંગણવાડીમાં "બાળક-પાલક સર્જન" કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા.20

બોડેલી તાલુકાના જબુગામ ખાતે આંગણવાડીના નાના નાના ભૂલકાઓ માટે બાળક-પાલક સર્જન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બોડેલી તાલુકા સુપરવિઝન ના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો જબુગામ ખાતે આવેલી તમામ આંગણવાડીઓનો સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ ગામના મુખ્ય બજારમાં આવેલી આંગણવાડી ખાતે યોજાયો હતો.કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે ગામના આગેવાનો, આંગણવાડી કાર્યકરો તેમજ નાના બાળકોના વાલીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ પણ હાજરી આપી હતી કાર્યક્રમની શરૂઆત નાના

ભૂલકાઓ દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરી કરવામાં આવી હતી. ત્યારબાદ શિક્ષકગણ અને આંગણવાડીના સ્ટાફ દ્વારા વાલીઓને બાળકોના આરોગ્ય, શિક્ષણ અને સર્વાંગી વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ વાલીઓને પોતાના બાળકોને સમયસર આંગણવાડીમાં મોકલવા માટે આગ્રહ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન બાળકોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમ આનંદમય અને પ્રેરણાદાયક વાતાવરણમાં સંપન્ન થયો હતો.

પાદરામાં પરિણીતા અને તેના પતિને જાનથી મારવાની ધમકી

પાદરા : પાદરા તાલુકાના નરસિંહપુરા ગામે યુવતીને હેરાનગતિ અને ધમકી આપવાના બનાવ મામલે વધુ પોલીસ સ્ટેશન ખાતે આરોપી સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, નરસિંહપુરા ગામે બારોટના કૂવા પાસે રહેતી નિરૂબેન સાવનકુમાર પઢીયારે ફરિયાદ નોંધાવી હતી કે, આરોપી અર્જુનસિંહ સામંતસિંહ પઢીયાર વારંવાર તેણીને પરેશાન કરતો હતો. ફરિયાદ અનુસાર તા.૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ આરોપી ફરીયાદીના ઘરે આવી પોતાનો મોબાઈલ ફોન રાખવા જણાવ્યું હતું. જોકે ફરીયાદીએ ઈનકાર કરતા આરોપી "તું મારી સાથે વાત નહીં કરે તો હું દવા પી લઈશ" તેમજ "તારા પતિને જાનથી મારી નાખીશ" તેવી ધમકીઓ આપી હતી.

ડભાસા નજીક બે બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત, એકનું મોત

શાક માર્કેટથી પરત ફરતા યુવકે ગુમાવ્યો જીવ

(પ્રતિનિધિ) પાદરા, તા.20

પાદરા તાલુકાના ડભાસા ગામ નજીક સોમનાથ પેટ્રોલપંપ સામે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે ત્રણ લોકોને ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મરણજનાર ભારતસિંહ દલપતસિંહ પરમાર (ઉ.વ.૪૨) રહે. નવાપુરા ચોકડી મહુવડ, તા. પાદરા, પોતાના ભાણેજ મેહુલકુમાર જગદીશભાઈ પરમાર સાથે બજાજ પ્લેટીના મોટરસાયકલ પર પાદરા શાક માર્કેટમાંથી ગુવાર વેચી પરત ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન સવારના સમયગાળા દરમિયાન ડભાસા ગામે સોમનાથ પેટ્રોલપંપ નજીક પાદરા-જંબુસર રોડ ઉપર અકસ્માત સર્જાયો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર, ભારતસિંહ પરમાર મોટરસાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રોડ ક્રોસ કરી રહેલી હીરો એચ.એફ. ડીલક્ષ મોટરસાયકલ સાથે અથડામણ કરી હતી. અકસ્માતમાં ભારતસિંહ પરમારને માથા, હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

આ અકસ્માતમાં પાછળ બેઠેલા મેહુલકુમાર જગદીશભાઈ પરમારને હોઠ તથા જમણા પગના અંગૂઠાના ભાગે ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશન માં ગુનો નોંધવામાં આવ્યો છે વધુ તપાસ ચાલુ છે.

પાદરા : ગૃહકલહમાં પરિણીતાએ ફિનાઇલ પીધું

પાદરા : પાદરા તાલુકાના ભોજ ગામે લગ્નજીવનના સામાન્ય ગૃહકલહ બાદ યુવતીએ ફિનાઈલ પી લેતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ, સમગ્ર મામલે વધુ પોલીસ સ્ટેશન ખાતે જાણવા જોગ નોંધ કરવામાં આવી છે.પ્રાપ્ત માહિતી મુજબ, ભોજ ગામે વાઘેલાની વાડી પાસે રહેતી આફરીનબાનું સદામહુસેન વાઘેલા (ઉ.વ.૨૩) ના લગ્નને હજુ એક મહિનો જ થયો હતો. ફરિયાદ અનુસાર, પતિ દ્વારા વારંવાર "જમવાનું સારું બનાવતા આવડતું નથી" તેમજ "મારી મમ્મી જેવો ટેસ્ટ નથી, તેમની પાસે શીખી લે" જેવી ટિપ્પણીઓ કરવામાં આવતી હતી. જેના કારણે પતિ-પત્ની વચ્ચે સામાન્ય બોલાચાલી થતી હતી.

મોડેલ વિલેજ બનાવવા નાયબ ઈજનેરની અપીલ કરાઇ

શિનોરમાં નાટક દ્વારા લોકોને સોલાર રૂફટોપના ફાયદા સમજાવ્યા

(પ્રતિનિધિ) શિનોર, તા.20

શિનોરમાં તાલુકા મથકે એમજીવીસીએલ દ્વારા સોલાર યોજના નો વ્યાપ વધારવા માટે વીજ ગ્રાહકો જાગૃત થાય તે માટે નાટક રૂપે તેના ફાયદાઓથી અવગત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

શિનોર તાલુકા મથક નુ ગામ હોય વધુ વીજ ગ્રાહકો છે. હાલમાં રાજ્ય સરકાર અને એમજીવીસીએલ દ્વારા સોલાર મફત વીજળી યોજના હેઠળ લોકો ને માહિતગાર કરવા કાર્યક્રમો યોજાય છે. તે અંતર્ગત આજે શિનોર એમજીવીસીએલ ના નાયબ ઈજનેર કુંદનસિંહ ની ઉપસ્થિત અને માર્ગદર્શન હેઠળ શિનોર ભરચક વિસ્તાર બસ સ્ટેન્ડ ખાતે વીજ ગ્રાહકો ને જાગૃત કરવા

માટે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નાયબ ઈજનેર કુંદનસિંહ દ્વારા સૌ વીજ ગ્રાહકો સોલાર લગાવે તો ગ્રાહકો ને આર્થિક બચત સાથે દેશ મા વીજળી ની પણ બચત થાય માટે મોડેલ વિલેજ ના સો ટકા લક્ષ્ય ને પૂર્ણ કરવા સહભાગી થવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. તેમજ સામાન્ય માણસ ને પણ સમજણ પડે તે માટે નાટક સ્વરૂપે સોલાર રૂકટોપ યોજનાના ફાયદાઓ સમજાવવામાં આવ્યા હતા.

છોટાઉદેપુરના શાસ્ત્રી બાગમાં નિઃશુલ્ક સમર યોગ કેમ્પ શરૂ

છોટાઉદેપુર : ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમગ્ર રાજ્યમાં યોગનો વ્યાપ વધે અને લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ આવે તેવા આશય સાથે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આગામી ૩૦ મે સુધી ગુજરાતના તમામ જિલ્લાઓ અને નગરપાલિકા વિસ્તારોમાં નિઃશુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન કરાયું છે. આ અંતર્ગત છોટાઉદેપુર નગરના ઐતિહાસિક શાસ્ત્રી બાગ ખાતે ગત તા. ૧૬ મેથી ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે ખાસ 'યોગ અને સંસ્કાર શિબિર'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સમર કેમ્પમાં દરરોજ ૧૦૦ જેટલા બાળકો ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લઈ રહ્યા છે. શિબિર દરમિયાન બાળકોને વિવિધ આસનો, પ્રાણાયામ અને ધ્યાનની સાથે સાથે ઉચ્ચ જીવન મૂલ્યો અને સંસ્કારોનું સિંચન પણ કરવામાં આવી રહ્યું છે.

શાંતિ સમિતિની બેઠકનું કવરેજ કરવું ગુનો?

ડેસરમાં પત્રકારનું જાહેરમાં અપમાન થતાં સ્થાનિકોમાં ચર્ચા

DySPએ પત્રકારના ફોટો-વીડિયો ડીલીટ કરાવી મોબાઈલ ચેક કર્યો

(પ્રતિનિધિ) ડેસર, તા.20

આગામી તહેવારને લઈને ડેસર એપીએમસી હોલ ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી ડેસર ના ગ્રામજનોને બોલાવીને ચર્ચા કરી હતી અને તેઓના કોઈ પ્રશ્નો હોય તો રજૂઆત કરવા જણાવાયું હતું બેઠક માં ગણ્યા ગાંઠ્યા ગ્રામજનો હાજર રહ્યા હતા ડેસર પોલીસ સ્ટેશનના પી આઈ કે.સી પટેલ , પીએસઆઈ સહિત સમગ્ર સ્ટાફ અને વડોદરા થી આવેલા ડીવાયએસપી કે કે ઠાકુર ની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી બેઠકમાં હાજર અગ્રણીઓએ અલગ અલગ નાની-મોટી રજૂઆતો કરી હતી જ્યારે ડેસર એપીએમસી ખાતે શાંતિ સમિતિની બેઠક નુ કવરેજ કરવા આવેલા સ્થાનિક પત્રકારનું ડીવાયએસપી દ્વારા અપમાન કરાયું હતું બેઠકમાં હાજર અગ્રણીઓની હાજરીમાં આરોપીને ખખડાવતા હોય તેવા અવાજમાં કોણ છે ? ફોટા કેમ પાડે છે ? પત્રકારે પાડેલા ફોટા અને વિડિયો તાત્કાલિક ધોરણે ડીલીટ કરાવ્યા હતા ડીલીટ કરી દીધા બાદ પણ તેઓના પોલીસ કર્મચારીને પત્રકાર નો મોબાઈલ લઈને રિસાયકલ બીન માં ફોટા રહી ના જાય તેની ચકાસણી કરાવી હતી.

બાળકોના સર્વાંગી વિકાસ માટે "બાલક પાલક સર્જન" કાર્યક્રમનું આયોજન

ભુમસવાડા ગામે આંગણવાડી કેન્દ્રની મુલાકાત લેતા જિલ્લા કલેકટર ગાર્ગી જૈન

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.20

સમગ્ર રાજ્યમાં આઇ.સી.ડી.એસ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીમાં આપવામાં આવતી સેવાઓ તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓ અંગે માતા-પિતા અને વાલીઓને માહિતગાર કરવા તથા વધુમાં વધુ લાભાર્થીઓ સુધી યોજનાનો લાભ પહોંચે માટે "બાલક પાલક સર્જન" કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના માર્ગદર્શન હેઠળ આઇ.સી.ડી.એસ પ્રોગ્રામ ઓફિસર ક્રિશ્ના પટેલ દ્વારા છોટાઉદેપુર જિલ્લાના તમામ તાલુકાઓમાં

તા.૧૯/૦૫/૨૦૨૬ના રોજ ૩ થી ૬ વર્ષના બાળકો અને તેમના વાલીઓ માટે તેમજ તા.૨૦/૦૫/૨૦૨૬ના રોજ ૨ થી ૩ વર્ષના બાળકો અને વાલીઓ માટે આંગણવાડી કક્ષાએ "બાલક પાલક સર્જન" કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં છોટાઉદેપુર જિલ્લાની કુલ ૬૭ આંગણવાડીઓનું જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમાર, મદદનીશ કલેક્ટર મુસ્કાન ડાગર, એસીએફ ફતેસિંહ મીના સહિતના ૬૭ ઉચ્ચ અધિકારીઓ દ્વારા સુપરવિઝન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા ક્વાંટ તાલુકાના ભુમસવાડા ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર ભુમસવાડા-૨ની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન હાજર વાલીઓ, સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ તેમજ બાળકો સાથે સંવાદ કરી તેઓને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. સાથે ગામની મુલકાત દરમિયાન જિલ્લા કલેકટરશ્રી ગામના પ્રશ્નો અંગે ગ્રામજનો સાથે ચર્ચા કરી રજુઆતો સાંભળી હતી.

મુવાલ ગામે ખેતરમાં યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

મુવાલ ગામે ચકચાર: વીજ થાંભલા સાથે દોરડું બાંધી શ્રમિક યુવકનો આપઘાત

(પ્રતિનિધિ) પાદરા, તા.20

પાદરા તાલુકાના મુવાલ ગામ નજીક ખેતરમાં યુવકે ગળાફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે. બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશન ખાતે અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મનહરભાઈ ધનસિંહ રાઠવા (ઉ.વ.૨૮), મૂળ વિરાપુરા ગામ, નંદપુરા તા. ધોધંબા જી. પંચમહાલના રહેવાસી હતા અને હાલ મુવાલ ગામે ક્રિષ્ના વાટિકા સોસાયટીની બાજુમાં આવેલ દિલીપસિંહ જીતસિંહ ચૌહાણના ખેતરમાં પરિવાર સાથે રહી મજૂરી કામ કરતા હતા.

ગતરોજ સાંજના અરસામાં મનહરભાઈએ ખેતરમાં આવેલા સિમેન્ટના ઈલેક્ટ્રિક લાઈટના થાંભલા સાથે દોરડાનો ગાળિયો બનાવી ગળાફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં તેમનું મોત નિપજ્યું હતું.

બનાવ અંગે પત્ની કવિતાબેન મનહરભાઈ રાઠવાએ વડુ પોલીસ સ્ટેશન ખાતે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.